# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-01-2025 Day : Monday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગુજરાત વિધાનસભા બજેટ સત્ર

**ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ બજેટ માટે વિધાનસભાનું સત્ર બોલાવવાનું આહ્વાન કર્યું છે. 19 ફેબ્રુઆરી બપોરે 12 કલાકથી વિધાનસભા સત્રની શરૂઆત થશે. જ્યારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ 20 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરશે. કેન્દ્ર સરકારનું બજેટ 1 ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ થશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે.**

**--------------------------------------------------------------------------------------**

## LLDC વિન્ટર ફેસ્ટિવલ

ભુજના શ્રુજન-લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન ક્રાફ્ટ મ્યુઝિયમ ખાતે વિન્ટર ફેસ્ટિવલ - 2025નો પ્રારંભ થયો છે. આ ફેસ્ટિવલમાં કચ્છ સાથે ઓડિશા રાજ્યની સંસ્કૃતિ, હસ્તકલા, લોકસંગીત અને લોકનૃત્યોનું આદાન-પ્રદાન થશે. 23 જાન્યુઆરી સુધી ચાલનારા આ ફેસ્ટિવલમાં 100થી પણ વધુ કલાકારો અને કારીગરો ભાગ લેશે. LLDC વિન્ટર ફેસ્ટિવલને માણવા કચ્છની સાથે અન્ય રાજ્યો તેમજ વિદેશથી પણ પ્રવાસીઓ ઉમટ્યા છે. ઓડિશા અને કચ્છની સંસ્કૃતિનો સમન્વય આ ફેસ્ટિવલમાં જોવા અને માણવા લાયક બનશે તેવું શ્રુજન સંસ્થાના અમીબેન શ્રોફે જણાવ્યું હતું.

**--------------------------------------------------------------------------------------**

# સૂર્યકિરણ એરોબેટીક દ્વારા એર શો

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા ધોરડોના સફેદ રણના આકાશમાં 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરીના એર શો યોજાશે.

વોઈસ કાસ્ટ પરેશ મારૂ

*ભારતીય વાયુસેનાના નવ હોક વિમોનોનો સમાવેશ કરતી સૂર્યકિરણ એરોબેટિક ટીમ ધોરડોના આકાશમાં જુદા જુદા કરતબ દેખાડશે. એર શો દરમિયાન સૂર્યકિરણની સાથે સુખોઇ-30 અને જગુઆર વિમાન પણ પ્રદર્શન કરશે. ભુજના એર ઓફિસર કમાન્ડિંગ એર કોમોડોર કેપીએસ ધામે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે વાયુસેનાની સુર્ય કિરણ એરોબેટિક્સ ટીમની 1996માં રચના કરવામાં આવી હતી અને તેની ગણના વિશ્વની શ્રેષ્ઠ એરોબેટિક્સ ટીમમાં થાય છે. એશિયાની એકમાત્ર આ સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમે ભારતમાં અત્યાર સુધી 500થી વધુ એર શો કર્યા છે ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને યુએઇમાં એર શો યોજી ભારતીય વાયુસેનાને પોતાની શ્રેષ્ઠતાનું ઉદાહરણ પુરૂ પાડયું છે. એરફોર્સ બેઝના મુખ્ય વહીવટી અધિકારી ગ્રુપ કેપ્ટન રાકેશ યાદવે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ માત્ર પાઇલટ્સના અસાધારણ કૌશલ્યનું પ્રદર્શન કરવાનું જ નથી પરંતુ જનતાને ખાસ કરીને શાળાના બાળકો અને કોલેજના વિદ્યાર્થીઓને તેમના સમર્પણ અને શ્રેષ્ઠતાના સાક્ષી બનવાની તક પણ પૂરી પાડશે.*

*પરેશ મારૂ, આકાશવાણી સમાચાર ભુજ*

---------------------------------------------------------------------------------

## માંડવી – પોષણ ઉત્સવ

માંડવી ઘટક ૧-૨ નો ઘટક કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ આઈ. સી. ડી. એસ. ઘટક કચેરીએ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મીલેટ્સ, THR તથા સરગવામાંથી બનાવેલી વાનગીઓનું નિર્દશન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનારમાંથી પ્રથમ, દ્રિતીય, તૃતીય નંબર આપીને લાભાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટેના માતા યશોદા એવોર્ડ તેડાગર અને કાર્યકર બહેનોને એનાયત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## નવા વાહનોની નોંધણીમાં નોંધપાત્ર વધારો

જિલ્લામાં નવા વાહનોની સંખ્યામાં નોધપાત્ર વધારો થયો છે. ગત વર્ષ 2024મા ભુજ આરટીઓ કચેરી ખાતે જીજે 12 કોડ સાથે 39 હજાર 560 જેટલા વાહનો નોંધાયા છે. જે અંતર્ગત નવા 26 હજાર 130 ટુ વ્હિલર, 784 થ્રી વ્હિલર અને 7 હજાર 327 ફોર વ્હિલર રજિસ્ટર થયા હતા. નવા વાહનોની નોંધણી ફી, ટેક્સ, પસંદગીના નંબર, નામ ટ્રાન્સફર સહિતના વાહન સંબંધિત કામો પેટે ભુજની આરટીઓ કચેરીને 182 કરોડ 63 લાખની રૂપિયાની આવક થઈ હોવાનું આરટીઓ અધિકારી પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## પતંગના દોરાની ગુંચના એક્ત્રિકરણની નવતર કામગીરી

**જિલ્લામાં ઠંડીની તીવ્રતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સવાર અને સાંજના સમયે ઠંડક અનુભવાઈ રહી છે પરંતુ બપોરના સમયે ઉષ્ણતામાનમાં વધારાને પગલે ઠંડીની તીવ્રતા ઘટી છે. નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન 10.5 ડિગ્રી સેલ્સિયસ, જિલ્લા મથક ભુજમાં લઘુતમ ઉષ્ણતામાન 13.6 ડિગ્રી કંડલા સંકુલમાં લઘુતમ ઉષ્ણતામાન 16.2 ડિગ્રી આજે નોંધાયું છે. જોકે સાંજ પડતાં જ ઠંડીનો અનુભવ થાય છે.**

---------------------------------------------------------------------------------------------

## ઠંડીની તીવ્રતામાં ઘટાડો

માંડવી ખાતે મકરસંક્રાંતિ પછી પતંગના દોરાની ગુંચોથી પક્ષીઓ, વાહન ચાલકો કે, રાહદારીઓને થતી નુકશાની ટાળવા નવતર પહેલ કરાઈ છે. જે અંતર્ગત મોટી સંખ્યામાં પતંગના દોરાના માંજાની ગુંચો એકત્ર કરાઈ હતી. સામાન્ય રીતે મકરસંક્રાંત પછી અગાશી, રસ્તાઓ સહિત અનેક જગ્યાએ રહેલી દોરાની ગુંચો પક્ષીઓ, વાહન ચાલકો કે રાહદારીઓને નુકશાન કરતી હોય છે. ત્યારે માંડવીની સાઈકલ કલબ દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીને બહોળો પ્રતિસાદ મળતા 650થી વધુ લોકો આ પહેલમાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------